પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮૮ | ૨૮ ડિસેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; પોષ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### યુપીના સીએમ પરનો ૨૨ વર્ષ જુનો કેસ પરત ખેંચાશે

ઉત્તરપ્રદેશ સરકાર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વિરુધ્ધ દાખલ થયેલ ૨૨ વર્ષ જુનો કેસ પરત ખેંચવાનો નિર્ણય લીધો છે. યોગી આદિત્યનાથ પર કલમ ૧૪૪ તોડીને સરકાર વિરુધ્ધ પ્રદર્શન કરવાનો મામલો દાખલ થયો હતો.

### માલેગાંવ બ્લાસ્ટમાં સાધ્વી પ્રજ્ઞા અને કર્નલને રાહત

વર્ષ ૨૦૦૮માં થયેલા માલેગાંવ બ્લાસ્ટમાં સાધ્વી પ્રજ્ઞા અને કર્નલ શ્રીકાંત પુરોહિત વિરુધ્ધ દાખલ થયેલ મકોકાને હટાવી દેવાઈ છે. હવે આઈપીસીની કલમ અનુસાર તેમના પર કેસ ચાલશે.

### હવે તો કાળ જન્મ લેશે : તેજસ્વી યાદવ



ચારા કૌભાંડ મામલે જેલમાં મોકલાયેલા લાલુપ્રસાદ યાદવના પક્ષમાં તેમના દિકરા તેજસ્વી યાદવ સરકાર પર વાંરવાર હુમલા કરી રહ્યા છે. તેજસ્વી યાદવે ટવીટ કરીને કહ્યું છે કે કંસને લાગી રહ્યું છે કે જેલમાં બંધ કરીને ખતરો ખત્મ થઈ ગયો છે. પરંતુ તેમને ખબર નથી કે હવે તો કાળ જન્મ લેશે.

# આજે સંસદમાં ત્રિપલ તલાક બિલ

**બિલમાં પતિને ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી : મૌખિક, લેખિત અથવા ઇ-મેઇલ, એસએમએસ અને વોટ્સએપ દ્વારા ત્રિપલ તલાકને ગેરકાયદે જાહેર કરવા માટે બિલમાં જોગવાઈ : વિરોધ વંટોળ જારી**

નવીદિલ્હી, તા. ૨૭

ત્રિપલ તલાક બિલ આવતીકાલે ગુરૂવારે લોકસભામાં રજૂ કરવામાં આવનાર છે. મુસ્લિમ સમુદાયના લોકોમાં ત્રિપલ તલાકની પ્રથાને ગુનેગારી તરીકે ગણાવવા સાથે સંબંધિત બિલ આવતીકાલે રજૂ કરવામાં આવનાર છે. આ ઘટનાક્રમ પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. નીચલા ગૃહની આવતીકાલની કાર્યવાહી મુજબ કેન્દ્રિય કાયદા પ્રધાન રવિ શંકર પ્રસાદ દ્વારા લોકસભામાં આવતીકાલે આ બિલ રજૂ કરવામાં આવનાર છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહના નેતૃત્વમાં આંતરપ્રધાન ગ્રુપ દ્વારા આ બિલ તૈયાર કરવામાં આવ્યુ છે. જેમાં કોઈ પણ સ્વરૂપમાં ત્રિપલ તલાકને ગેરકાયદે બનાવી દેવામાં આવ્યુ છે. લેખિતમાં, મૌખિકરીતે અથવા તો ઈલેક્ટ્રોનિકલીરીતે તલાક આપવાની પ્રથા પર બ્રેક મુકવામાં આવી છે. આમા પતિ માટે ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે. ગયા સપ્તાહમાં આ બિલ રજૂ કરનાર હતું પરંતુ સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે કહ્યું હતું કે, મોડેથી આ બિલ રજૂ કરવામાં આવશે. બિલની જોગવાઈ મુજબ પતિને જંગી દંડની જોગવાઈ પણ છે. કેસમાં સુનાવણી દરમિયાન મેજિસ્ટ્રેટ દ્વારા દંડ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટનો આદેશ હોવા છતાં ત્રિપલ તલાકના મામલા હજુ પણ સપાટી ઉપર આવી

● અનુસંધાન પાન-૭ પર

# જયરામ ઠાકુરની શપથવિધિ

**હિમાચલ પ્રદેશના પદનામિત મુખ્યમંત્રી જયરામ ઠાકુરની સાથે અન્ય ૧૧ પ્રધાનોએ પણ શપથ લીધાસ : સમારોહમાં પ્રધાનમંત્રી, અમિત શાહ, આદિત્યનાથ યોગી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા : કેબિનેટમાં છ નવા ચહેરાઓનો સમાવેશ**

શિમલા,તા. ૨૭

જયરામ ઠાકુરે હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે આજે શપથ



લીધા હતા. તેમની સાથે ૧૧ નવા મંત્રીઓએ પણ શપથ લીધા હતા. ઐતિહાસિક રીઝ મેદાનમાં આયોજિત શપથવિધિ કાર્યક્રમમાં તમામ મંત્રીઓને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. ખીચોખીચ ભરેલા રીચ મેદાનમાં મુખ્યમંત્રી ઉપરાંત મહેન્દ્રસિંહ ઠાકુર, કિશન કપૂર, સુરેશ ભારદ્વાજ, અનિલ શર્મા, સર્વિન ચૌધરી, રામલાલ માંકડ, વિપીનસિંહ પરમાર, વિરેન્દ્ર કંવર, વિક્રમસિંહ, ગોવિંદસિંહ અને રાજીવ સહજલને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. સર્વિન ચૌધરી હિમાચલ પ્રદેશના એક માત્ર મહિલા પ્રધાન છે. સુરેશ ભારદ્વાજ અને ગોવિંદસિંહે સંસ્કૃત ભાષામાં શપથ લીધા હતા. શપથ લેતા પહેલા ઠાકુરે કહ્યુ હતુ કે

● અનુસંધાન પાન-૭ પર

સ્વાદિષ્ટ રસોઈની પરંપરા સાથે
નવભારતટુર્સ
www.navbharattours.com
Why Choose Kerala with Navbharat TOURS...
● વ્યક્તિદીઠ રૂા. ૨૨૦૦૦/-* થી શરૂ
● કોવાલમ્ અને અશ્ટમુડીમાં ૫* હોટલ
● ૬૦ મિનિટની બેક વોટર રાઈડ
● ગુજરાતી બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
● રાસ-ગરબા, ડી.જે. તથા અન્ય પોગ્રામો
Jan. 10,17,24,31 Feb. 7,11,14,18,21,28
Mar. 7,14,21,25 Apr. 1, 22, 29
May 6,9,13,16,20,23,27,30
079-40214222
8460004092/8460004093
એપ્રિલ-મે-જૂનના બુકીંગ શરૂ થઈ ગયેલ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## મનમોહનસિંહનું ઘણું જ સન્માન કરીએ છીએ : જેટલી

ન્યુ દિલ્હી,તા. ૨૭

ભૂતપૂર્વ વડાપ્રધાન અને ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામિદ અંસરી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા નિવેદન બાદ સંસદના બંને સદનોમાં ઘણા સમયથી કોંગ્રેસે દ્વારા મચાવવામાં આવી રહેલો હંગમો અંતે બુધવારે શાંત થયો હતો. નાણાંમંત્રી અરૂણ જેટલીએ રાજ્યસભામાં કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મનમોહન સિંહ અને હામિદ અંસારીની દેશભક્તિ પર સવાલ ખડાં કરવાનો કોઈ જ ઈરાદો નહોતો. જોકે સંસદનો ડેડલોક સમાપ્ત થયો ત્યારે નરેન્દ્ર મોદી સદનમાં હાજર નહોતા.

મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસની સતત માંગણી બાદ આજે જ્યારે ક્રિસમસની રજાઓની સમાપ્તિ સાથે સંસદનું સત્ર શરૂ થયું તો રાજ્યસભામાં નાણાંમંત્રી અરૂણ જેટલીએ આ મુદ્દે સ્પષ્ટતા કરી હતી. જેટલીની સ્પષ્ટતા બાદ વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદે પણ વિશ્વાસ અપાવતા કહ્યું હતું કે, હવે સદનને ચલાવવા માટે વિપક્ષ તરફથી સરકારને સહયોગ મળી રહેશે.

અમૂલ દૂધ
પીતા હૈ
ઈંડિયા
₹48*/1 L
અમૂલ
ટી - સ્પેશ્યલ દૂધ


*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055 / 56/ 57.

## ભાવભીની અંજલિ



**સ્વ. વિરાભાઈ એચ. પટેલ**

આપને ગુમાવ્યાની વ્યથા, શબ્દોમાં સમાતી નથી
આપનું સ્નેહથી છલકાતું વ્યક્તિત્વ, નજરથી ખસતું નથી
અમારો સંગાથ છોડી ચાલી નીકળશો એ ક્યાં ખબર હતી
આપની યાદ આમ શ્રદ્ધાંજલિ રૂપે
સ્મરણવી પડશે એ ક્યાં ખબર હતી.
પ્રભુ આપના દિવ્ય આત્માને
ચિર શાંતિ આપે એવી પ્રાર્થના...

**ગાંધીનગર સમાચાર પરિવાર**

નોંધ : સદ્ગતનું બેસણું આજે તા. ૨૮/૧૨/૨૦૧૭ને ગુરૂવારે સવારે ૯ થી ૧૨ દરમિયાન ઉમા હોલ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેક્ટર-૧૨ ખાતે રાખેલ છે.

Jio DIGITAL LIFE
40 YEARS OF RELIANCE — 1977-2017 —
અમારા અતીતનું નિર્માણ કર્યું,
અમારા વર્તમાનને સક્ષમ બનાવ્યો
અને અમને ઉજ્જવલ ભાવિના આશીર્વાદ આપ્યા
એ મહાન માનવીને અમારાં સાદર વંદન


ધીરુભાઈ હીરાચંદ અંબાણી
ફાઉન્ડર ચેરમૅન – રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ
૨૮ ડિસેમ્બર ૧૯૩૨ – શાશ્વતી
આપની ૮૫મી જન્મજયંતિ અને રિલાયન્સના ૪૦માં વરસના અવસરે,
અમે વચન આપીએ છીએ કે પ્રત્યેક ભારતીયની આર્થિક સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાની
અને ભારતને ડિજિટલ સુપર પાવર બનાવવાની અમારી યાત્રા અવિરત ચાલુ જ રહેશે.
રિલાયન્સ માટેનાં અમારાં સપનાં છે વધુ ભવ્ય, અમારી મહાત્ત્વાકાંક્ષાઓ વધુ ઉન્નત,
અમારી પ્રતિબદ્ધતા વધુ ગહન, અને એવી જ અવ્વલ હશે અમારી સિદ્ધિ.
Reliance Industries Limited
Growth is Life
www.ril.com